જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૭/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૮૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૮૩ લીટર દેશી દારૂ, ૧૫ ક્વૉટર ઇંગ્લીશ દારૂ અને ૦૨ બીયરટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૨૨૦/–અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૯૮૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૯૮૫/૨૦૨૬**

ચાંદખેડાઃ પંકજસિંહ સ/ઓ રામવીરસિંહ ચૌહાણ (ઉ.વ.૨૩)(રહે.પી.એસ.પી. નામની પ્રાઇવેટ કંપનીમાં, સાણંદ) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૭/૨૦૨૬ સવારના ૮/૦૦ વાગ્યા પહેલા જગતપુર, સેવી સ્વરાજ પાછળ, ન્યુ રણછોડનગર રેલ્વે પટ્ટીની બાજુમાં આવેલ ઝાડની ડાળી સાથે કપડુ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગમાલભાઇ સુકાજી ચલાવે છે.

ખોખરાઃ હેતલ ડો/ઓ સુદામભાઇ બોરસે (ઉ.વ.૨૦)(રહે.રામરથ કોમ્પલેક્ષ રાષ્ટ્રભારતી સ્કુલ પાસે, સી.ટી.એમ રોડ, ખોખરા) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૭/૨૦૨૬ બપોરના ૨/૦૦ થી ૪/૩૦ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે પોતાના ઘરે બાથરૂમમાં કપડા લટકાવવાના એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.પટેલ ચલાવે છે.

વટવાઃ હાર્દીકકુમાર સ/ઓ મહેન્દ્રભાઇ જાદવ (ઉ.વ.૩૫)(રહે.પારિજાત હાઇટ્સ, પટેલ રાઇસ મીલ સામે, મહાદેવપુરા, વટવા) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૭/૨૦૨૬ સવારના ૧૦/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.કે.જાડેજા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી